## દોહરો (૭)

**સખી કાંટા વેરશે કુટુંબ - પણ હૈયે હશે જો હેત ।**
**હેત હિંમતે હાલતા - દિલે દુઃખ ન રેત ॥**

અંતઃકરણ વિશિષ્ટ પ્રમાતા વૃતિ ગોપી પોતાની સખીને કહે છે. હે સખી *કાંટા વેરશે કુટુંબ પણ હૈયે હશે હેત*, આ સંસાર સ્વાર્થનો છે તેઓ સઘળા મહાપુરૂષોનો અનુભવ છે. અનુભવસિધ્ધ વસ્તુને કદી પણ નકારી ન શકાય. પરસ્પરના જે સંસારના સબંધો છે તેમાં પરસ્પરમાં પરસ્પરે સુખ બાંધેલું છે.

માતાપિતાને પુત્ર પ્રિય છે પરંતુ પુત્ર છે એટલાં માટે નહિ, પરંતુ અમારો વારસદાર, અમારુ રક્ત છે, અમારી સેવા કરે, અમારો છે, આ મારું સર્જન છે. હું તેનો પિતા છું, હું તેની માતા છુ, મારો પુત્ર આમ તેમ કરવો જોઈએ ઈત્યાદિ અને પુત્ર ને પણ માતા પિતા છે એટલે પ્રિય નથી. પણ હું તેનો વારસદાર છું તેની મિલ્કતમાં મારો હક્ક થાય ઈત્યાદી પતિ-પત્નીના સબંધોમાં પણ પતિ છે એટલે પત્નીને પ્રિય નથી પોતાના આત્માના સુખ માટે પ્રિય છે. પતિને પત્ની પ્રિય છે, પત્ની છે તેટલાં માટે પ્રિય નથી પરંતુ પોતાના આત્માના સુખ માટે પ્રિય છે તેમ શ્રુતિ સ્મૃતિનું પણ પ્રમાણ છે. પરસ્પરને કોઈ પણ એક સુખ આપવાનું બંધ કરે તો તુરંત પુત્ર પુત્ર રહેતો નથી પિતા પિતા રહેતો નથી માતા માતા રહેતી નથી, પતિ પતિ રહતો નથી, પત્ની પત્ની રહેતી નથી તેમ સંસારના સબંધો કાચા અને સ્વાર્થી છે. પછી પુત્ર હોય કે પુત્રી, પતી હોય કે પત્ની, ઈત્યાદિ પરંતુ જ્યારે તેમાંથી કોઈપણ આધ્યાત્મનો જિજ્ઞાસુ થશે કે ઈચ્છા પ્રગટ થશે કે તુરંત સઘળાને પોતાના નિજીય સ્વાર્થ ઉપર ભાવ લાગશે કે આ અમારો નહી રહે. અથવા અમારું નહી રહે અને આધ્યાત્મના વિચારો આવ્યા કે તે સંસારના વિચારોથી વિજાતિય થઈ જાય છે, તો જ્યાં વિચારોનું સામ્ય હોય, વિચારોનું સજાતિયપણું હોય કે તુરંત ત્યા વિરુધ્ધ થતાં સંઘર્ષ શરૂ થઈ જાય, સામ્યપણું તુટી જાય છે. તે સઘળાથી વિશેષ થઈ જાય છે, પછી જો તેમા પરાણે રહેવું પડે તો સંઘર્ષ અને દુઃખ વચ્ચે રહેવું પડે છે. જેમાં ભક્તિનો કે ભગવાનનો સ્વતંત્ર આનંદ છે, તે લઈ શકાતો નથી. આ ભવને તો તે હારી જાય છે. અપવાદરૂપમાં કોઈ સફલ થાય તો ધન્યવાદ. તેથી પ્રથમતો કુટુંબ તરફથી આધ્યાત્મીક માર્ગમાં કાંટા (દુઃખ) વેરવામાં આવે છે. મદાલસા જેવી માતા કેટલી કે જે બાળકોને શુધ્ધોહં બુધ્ધોહં મુક્તોહં નિરંજનનોહં નો ઉપદેશ આપીને સંન્યાસી બનાવે. પિતા એવા કેટલા કે પોતાના પુત્રને ભક્ત કે સંન્યાસી જોઈને ખુશી થાય, એવી કઈ પત્ની કે પોતાના પતીને સંન્યાસી થવાની આજ્ઞા આપે? ભારતિ દેવી કે મંડન મિશ્રને આજ્ઞા આપે તેવી પણ ઘણી પત્નીઓના શાસ્ત્રમા ઉદાહરણ છે. પરંતુ તે સઘળી શાસ્ત્ર ધર્મની સમજનારી હતી. અને જ્યાં થોડી આધ્યાત્મની સમજ હશે ત્યાં વિરોધ પણ નહી હોય. ધન્ય છે, હીરીમાં જેવી માતાઓ કે દિકરો એકાંતે બેઠો ભજન કરે અને માતા સેવા કરે. ભજનમાં પુર્ણ સહકાર આપે અને પિતા જીવાભાઈ એવા બાપ પ્રેમાળ કે દિકરાને કહે તું સત્સંગ કર હું વાડીએ રખોપે જાવ છું. તુ સત્સંગ કરીને આવજે, સંતાનો તો સઘળા પુણ્યાત્માઓ કોઈ વિરોધ ન કરી શકે. કેટલાંક પિતાના પ્રેમાળ અને ગૌરવ લેનાર કે અમે કોના સંતાનો છીએ, રહ્યો

થોડો સાજાણનો વિરોધ પરંતુ એક ધર્મપત્ની તરીકેનો તેનો વિરોધ પણ ન્યાય ગણાય. પરંતુ મારું જીવનતો તો ભક્ત નાનપણથી હતું એટલે હું કોઈના વિશ્વાસપાત્ર ન હતો, પરંતુ જ્યારે હિમાલય પાસે આગ આવે તો ઉલટ બુજાવું પડે, પોતાના જ નાશ માટે આવે તેમ સ્વાભાવિક પતિ સુખની વંચ્છના થતી હોય તે કઈ સ્ત્રીને ગમે. પરંતુ તેને પણ આ આધ્યાત્મ માર્ગમાં વાળવાના પ્રયત્નો તો રહ્યા અને સાચી સમજ કે સત્ય છે તેની અસર મોડે થાય છે પરંતુ થાય છે જરૂર, પરંતુ ત્યારે મોડું પણ થઈ ગયું હોય છે. સ્વભાવ બદલાય જાય, પ્રતિકુલ હોય તે અનુકુળ થવા લાગે, આખર તો અધ્યાત્મનો પ્રભાવ જ એવો છે કે તેનું કોઈ વિરોધી હોતું નથી તેનું કોઈ નિંદક હોતું નથી તેથી તેના પ્રભાવ નીચે આવવું પડે અને આવી જાય છે. હવે સબંધીમાં રાણાભાઈ જેવા સબંધી, મળવા કઠીન. સબંધી કેવા હોવા જોઈએ? જેમ દશરથ તથા જનકે સિધ્ધ કરી આપ્યું તેમ રાણાભાઈને જનકની ઉપમાં અયોગ્ય નહી ગણાય, અને જ્યાં સુધી ઘરમાં રહ્યા ત્યા સુધી તો તેઓ પરસ્પરમાં પ્રેમ કે જેનું વર્ણન કરવું શક્ય નથી. અને આખર પણ સંન્યાસ લેતી વખતે પણ સઘળી જવાબદારી સંભાળે ખુશી વ્યક્ત કરે અને આખરે ગુરૂ તરીકેની માન્યતા આપે એવી ક્યાં સબંધીમાં કે કઈ વ્યક્તિમાં સમજ છે. આ સંસારમાં એવો નિયમ નથી કે કારણ હોય તો જ વિરોધ કરવો. અકારણ પણ વિરોધ કરનાર કુટુંબ હોય છે. આ સંસારમાં એવું જ નથી કોઈ કારણસર વિરોધ હોય અકારણ વિરોધી અન્ય વર્ગ હતો નરસિંહ મહેતાનો કોઈ કારણસર વિરોધ ન હતો, સઘળા અકારણ વિરોધો હતા. સંતોના જે અકારણ જ વિરોધી હોય છે. સંતો, ભક્તો કોઈનો વિરોધ જ કરતા નથી અને કોઈનો વિરોધ કરે તો તે સંત ભક્ત નથી, જ્યાં વિરોધ ત્યાં નિરોધ ક્યાંથી? તેથી અકારણ પણ કાંટા વેરનારા હોય છે. જે જે સંતોના જીવન તરફ દ્રષ્ટિપાત કરશું તો ત્યાં અકારણ જ વિરોધ કરનાર જાણાશે. પરંતુ તે વિરોધને સંત ભક્ત વિરોધ માનતા નથી તેને પોતાના ઈષ્ટ કે ભગવાન તરફથી આવેલ પરિક્ષા માને છે. સોનામાં જ્યાં સુધી મેલ હોય ત્યાં સુધી તેને તાવવું પડે છે, બાદ શુધ્ધ થયા પછી યત્નપુર્વક ડાબલીમાં સાચવીને રાખીએ છીએ. તેમ ઈશ્વર પણ ભગવાન પણ પોતાના ભક્તમાં રહેલી કચાશ તે જગના વિરોધ દ્વારા જ આવા કારણોથી જ દુર કરે છે. ભક્ત પણ કોઈના અપરાધોનો કે દોષનો વિચાર કર્યા વગર ક્ષમા સંતોષ, શીલ ઈત્યાદિ ગુણોની વૃધ્ધિ કર્યે જાય છે અને પોતાના નિંદક કે વિરોધીને અધિક પ્રેમ કરે છે. કોઈના પણ પ્રેમનો પરિત્યાગ કરતા નથી તેથી પ્રભુના પ્રેમના પાત્ર ભક્ત બની જાય છે. અને ભગવાનને પણ ત્યારે કહેવું પડે છે કે તું મારો છો. અત્યાર સુધી તો ભક્ત એમ કહેતો હતો કે પ્રભુ હું તારો છું, પરંતુ અહી પ્રભુને કહેવું પડે છે કે તું મારો છે. કારણ કે પોતાના ઈષ્ટનો સંપુર્ણ તે ગુણોથી, દિવ્યતાથી સજાતિય થઈ જાય છે. તેથી ભગવાન પણ પોતાનામાં સમાવવા તૈયાર થઈ જાય છે તેથી ચાર બાબતો અવશ્ય ભાગ્યશાળીને મળે છે. ૧.પરિવારની સાનુકુળતા, ૨.શરીરનું નિરોગીપણુ સાનુકુળતા - ભજનમં પુરો સાથ આપવો, ૩. મનની સાનુકુળતા કે કહ્યાગરું મન હોય કે જે નિર્ણય લેવા ઈચ્છે કે તુરંત સ્વીકાર, ૪.ગુરૂના માર્ગદર્શનની અનુકુળતા આ ચાર ભાગ્યશાળીને મળે છે. તેથી ગોપી પોતાની સખીને કહે છે. હે સખી *કાંટા વેરશે કુટુંબ પણ હૈયે હશે જો હેત* એક બાબત

મુખ્ય છે,પરમાત્મા જે પ્રિત છે, હેત છે, તેનું બલ અને તેનું સુખ એવું છે કે ભલે પોતાનો પ્રભુ પરોક્ષ છે, પામવાની તાલાવેલી છે. વિશ્વાસ પણ પુર્ણ છે, અને અડગતા. ઘણા વિરોધોમાં જો ભક્ત અડગ રહેતો હોય તો તે હેત છે. હેત સઘળાનો પ્રતિકાર કરવાની શક્તિ છે અને કરે છે. કરી શકે છે, એટલે તો હેત કહેવાય અને તેવા હેતમાં કોઈપણ કાંટાનું દુઃખ જાણાતું નથી તેથી ગોપી કહે છે કે તેવું હેત જો હશે તેનું બલ બહુ જ પ્રબલ છે કે સંસારના સઘળાં બલોને નિર્બલ બનાવે છે સઘળા બલો ત્યાં હારી જાય છે અને તેજ બળથી ભકત સઘળનો વિજય થાય છે. તેથી ગોપી કહે છે કે

**કાંટા વેરશે કુટુંબ - પણ હૈયે હશે જો હેત ।**
**હેત હિંમતે હાલતા - દિલે દુઃખ ન રેત ॥**

**॥ ૐ ॥ ૐ ॥ ૐ ॥**

**ૐ**